**મહેસાણા, અમરેલી અને ભાવનગર બાદ રાજ્યમાં પાઇલટ તાલીમનું નેટવર્ક વધુ વિસ્તરશે**

# રાજ્યમાં નવા 5 ફ્લાઈંગ ટ્રેનિંગ સેન્ટર બનશે

**5 નવા** ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન શરૂ થતાં રાજ્યમાં સંખ્યા 10 થશે

**5,200થી** વધુ વિદ્યાર્થીઓને તાલીમ, 3,200થી વધુ કોમર્શિયલ પાઇલટ લાઇસન્સ ધારકો તૈયાર



ગાંધીનગર : કોમર્શિયલ પાયલટ તાલીમ માટે ગુજરાત દેશના મહત્વના હબ તરીકે ઉભરી રહ્યું છે. રાજ્યમાં હાલ કાર્યરત પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO) માં અત્યાર સુધીમાં 5,200થી વધુ એવિએશન વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી છે અને 3,200થી વધુ કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ (CPL) ધારકો તૈયાર થયા છે. હવે વધુ પાંચ FTO ટૂંક સમયમાં શરૂ થવાના હોવાથી રાજ્યમાં કુલ 10 FTOનું નેટવર્ક બનશે. આ વિસ્તરણથી પાઈલટ તાલીમની ક્ષમતા વધવાની સાથે એવિએશન ક્ષેત્રમાં રોજગાર અને સંલગ્ન ઉદ્યોગોને પણ વેગ મળવાની અપેક્ષા છે.

ગુજરાતમાં સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) દ્વારા ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનની ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ રાજ્ય માલિકીના એરપોર્ટ અને એરસ્ટ્રિપ પર આશરે 1,500 ચોરસ મીટર જમીન પારદર્શક બિડિંગ પ્રક્રિયા મારફતે પાત્ર ઓપરેટરોને ફાળવવામાં આવી છે. તેનો હેતુ ખાનગી રોકાણ આકર્ષવા સાથે કુશળ એવિએશન માનવબળ તૈયાર કરવાનો છે.

હાલ રાજ્યમાં પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન કાર્યરત છે. તેમાંથી ચાર રાજ્ય માલિકીની મહેસાણા અને અમરેલી એરસ્ટ્રિપ પર અને એક ભાવનગર એરપોર્ટ ખાતે કાર્યરત છે. મહેસાણામાં સ્કાયનેક્સ એરો અને બ્લૂ રે એવિએશન, અમરેલીમાં વિઝન ફ્લાઈંગ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત ફ્લાઈંગ ક્લબ તથા ભાવનગરમાં દુનેસ એવિએશન તાલીમ આપી રહ્યા છે. નવા પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન કાર્યરત થયા બાદ ગુજરાતમાં કુલ 10 ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનું નેટવર્ક ઊભું થશે. હાલની સંસ્થાઓ સંયુક્ત રીતે 5,200થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપી ચૂકી છે, 3,200થી વધુ CPL ધારકો તૈયાર કર્યા છે અને 200થી વધુ ભાવિ પાઈલટોને હાલમાં તાલીમ આપી રહી છે.

### આખું વર્ષ ફ્લાઇંગ માટે અનુકૂળ હવામાનનો લાભ

ગુજરાતને પાઇલટ તાલીમ માટે અનુકૂળ હવામાન ઉપરાંત એરપોર્ટ અને એરસ્ટ્રિપનું વ્યાપક નેટવર્ક, રાજ્ય માલિકીનું એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મજબૂત ઔદ્યોગિક-લોજિસ્ટિક્સ માળખું અને સારા માર્ગ જોડાણનો લાભ મળે છે. આ પરિબળો ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન માટે ગુજરાતને અનુકૂળ સ્થળ બનાવે છે. દેશમાં એર પેસેન્જર ટ્રાફિક અને પ્રાદેશિક કનેક્ટિવિટી વધી રહી છે, જ્યારે ભારતીય એરલાઇન્સે સંયુક્ત રીતે આશરે 1,700 નવા વિમાનોના ઓર્ડર આપ્યા છે. તેના પગલે આગામી વર્ષોમાં આશરે 25 હજારથી 30 હજાર કોમર્શિયલ પાઇલટોની માંગ ઊભી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પાઇલટ તાલીમનું માળખું વિસ્તૃત કરવામાં આવી રહ્યું છે.

### પાઇલટ સિવાયના આ તજજ્ઞો પણ તૈયાર થશે

- » ફ્લાઈંગ ઇન્સ્ટ્રક્ટર
- » એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયર
- » ફ્લાઇટ ડિસ્પેચર
- » ઓપરેશન અને સેફ્ટી સ્ટાફ

# સતત ઓનલાઈન કામગીરીના તણાવમાં શિક્ષકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો



**કપરાડાના** નિલોશી ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકે સ્યુસાઇડ નોટમાં ઓનલાઇન કામગીરીનો ઉલ્લેખ કર્યો

**પોલીસે** સ્યુસાઈડ નોટ કબજે કરીને વધુ તપાસ શરૂ કરી

વલસાડઃ કપરાડાના નીલોસી ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અને દિવસી ગામના વતની શંકરભાઈ જાદવ (ઉં.આ.53)એ પોતાના ખેતરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં શિક્ષક આલમમાં ખળભળાટ મચી ગયો છે. મૃતકે સ્યુસાઇડ નોટમાં ઓનલાઇન કામગીરીથી સતત તણાવમાં રહેતા હોય દિવસો પસાર કરવાનું સહન ન થતાં આ પગલુ ભર્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે.

ઘટનાની જાણ થતાં જ કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અને સંઘના વલસાડ જિલ્લાના રાજ્ય કો.ઓર્ડિનેટર આનંદ પટેલ, જિલ્લા પ્રમુખ જયેશ ગરાસિયા સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, ગ્રામજનો હોસ્પિટલ પહોંચી ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ફરિયાદી તુકારામભાઈ લાછિયાભાઈ જાદવ (રહે. દિવસી) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો ભાઈ નીલોસી શાળામાં ફરજ બજાવે છે.

નિત્ય ક્રમ મુજબ ખેતરેથી ઘરે આવી તેઓ 9.30 સુધી શાળાએ જવા નીકળી જતા હોય છે. જોકે મંગળવારે તેઓ ઘરે ન આવતા તેમની પત્ની કાન્તાબેન ખેતરે જતા મારા ભાઈ શંકર ખેતરના બાંધેલ ઝૂંપડાના આડા લાકડા સાથે નાયલોનની દોરી વડે પોતાની જાતે ગળે ફાંસો ખાઇ લીધેલી હાલતમાં જોવા મળ્યા હતાં.

ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે, ભાઈ શંકર ઘણા સમયથી માનસિક તણાવમાં હોય સ્કૂલના કામના ભારણને લઈ ભાઈએ પોતાની જાતે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ છે. ઘટના અંગે પોલીસે સ્યુસાઇડ નોટ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### શું લખ્યું છે સ્યુસાઇડ નોટમાં..

ઓનલાઇનની વધુ પડતી કામગીરીથી સતત તણાવમાં રહી દિવસો પસાર કરવાનું સહન ન થતાં મેં આ પગલુ ભર્યુ છે. સતત માનસિક તણાવ સહન કરે તો કેટલો કરવો એટલે મેં જાતે નિર્ણય કર્યો, એમાં કોઈનો વાંક નથી, મારા શિક્ષકોનો કે નથી મારા પરિવારનો, વિપુલ બધા પર ધ્યાન આપજે, પી.એમ.કરશો નહીં, કાન્તા બાળકો જ્યાં ભણે છે, ત્યાં જ ભણાવજે, મને માફ કરજે, એક પછી એક ભારણ સહન ન થવું, શાળાનું કામનું કામ, સતત હેરાન થવાથી, મેં આવો નિર્ણય કર્યો છે.

### ઘટના અત્યંત દુઃખદ છે: વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ગરાસિયા

વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ જયેશ ગરાસિયાએ જણાવ્યુ કે, ઘટના અત્યંત દુઃખદ છે. મૃતક શિક્ષકના પરિવારજનોની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે, ઓનલાઇન કામગીરી અને મોબાઇલ નેટવર્કના અભાવને લઈ તેઓ માનસિક તણાવમાં હતાં. અમારો સંઘ સહિત અમે તમામ તેમના પરિવારજનો સાથે છે.

### અંતરિયાળ વિસ્તારોમાં ઓનલાઈન કામગીરી પડકારરૂપ

કપરાડા તાલુકાના અનેક અંતરિયાળ અને પર્વતીય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક તથા ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સમસ્યા હજુ પણ મોટો પડકાર છે. આવી સ્થિતિમાં શિક્ષકો માટે ઓનલાઈન હાજરી સહિતની ડિજિટલ કામગીરી સમયસર પૂર્ણ કરવી મુશ્કેલ બને છે. આ બનાવે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# 9થી 12માં વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય માટે સમિતિ ફરજિયાત

**પરીક્ષાના** દબાણથી હતાશા સુધીની સ્થિતિમાં વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરાશે

**ટેલિમાનસ**-14416 હેલ્પલાઇનનો પ્રચાર અને મોટીવેશનલ સેમિનાર યોજાશે

સુરતઃ ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ, પરીક્ષાના દબાણ, ભવિષ્યની ચિંતા અને હતાશા જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાઓને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અંગે વિશેષ કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાની સમિતિની રચના કરવાની સાથે વિદ્યાર્થીઓ માટે સમયાંતરે કાઉન્સેલિંગ અને મોટીવેશનલ સેમિનારનું આયોજન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત દ્વારા તમામ શાળાના આચાર્યોને કરવામાં આવેલી સૂચના મુજબ જિલ્લા કક્ષાએ DLMC (ડિસ્ટ્રિક્ટ લેવલ મોનિટરિંગ કમિટી)ની રચના કરવામાં આવી છે. તેના અનુસંધાને હવે શાળા કક્ષાએ પણ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખીને વિવિધ સમિતિઓ અને વ્યવસ્થાઓ ઊભી કરવાની રહેશે. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે, પરીક્ષા પ્રત્યે હકારાત્મક અભિગમ વિકસે અને તણાવજનક પરિસ્થિતિમાં તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે શાળામાં સમયાંતરે કાઉન્સેલિંગનું આયોજન કરવાનું રહેશે. જરૂર જણાય ત્યારે આરોગ્ય વિભાગની મદદ મેળવી નિષ્ણાત કાઉન્સેલિંગ કરાવવાની પણ સૂચના આપવામાં આવી છે.

# આખરે રેન્ટ બિલ પર સરકારની પીછેહઠ, વકીલોની હડતાળ સમેટાઈ

**સરકારની** ખાતરી બાદ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનો નિર્ણય, ભાડા વિવાદોની સત્તા ન્યાયતંત્ર પાસે જ રહેશ

ગાંધીનગરઃ ગુજરાત ભાડા વિધેયક-2026ના વિરોધમાં રાજ્યભરના વકીલોની છ દિવસથી ચાલી રહેલી હડતાળનો અંત આવ્યો છે.

સરકાર અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત વચ્ચેની બેઠક બાદ મુખ્ય માગણીઓ સ્વીકારવાની ખાતરી આપતા હડતાળ સમેટાઈ હતી. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખાતરી આપી છે કે રાજ્યપાલ આ વિધેયક પર સહી નહીં કરે અને તેથી હાલ આ કાયદો અમલમાં નહીં આવે. સાથે જ ભાડા સંબંધિત વિવાદોના નિકાલની સત્તા ન્યાયતંત્ર પાસે જાળવી રાખવા તથા બિલની જોગવાઈઓની સમીક્ષા માટે પાંચ સભ્યોની કમિટી રચવાનો નિર્ણય લેવાયો છે.

### સરકાર સાથે બેઠક બાદ સમાધાન

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હોદ્દેદારોની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. બેઠકમાં વકીલો દ્વારા રેન્ટ બિલ અંગે ઉઠાવવામાં આવેલી વિવિધ વાંધાજનક જોગવાઈઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

### રાજ્યપાલની સહી નહીં થાય, જૂનો કાયદો રહેશે

વિવાદના કેન્દ્રમાં રહેલા ગુજરાત ભાડા વિધેયક-2026 અંગે એડવોકેટ જનરલે ગુજરાત હાઈકોર્ટમાં સ્પષ્ટ ખાતરી આપી છે કે રાજ્યપાલ આ બિલ પર સહી કરશે નહીં. પરિણામે હાલ આ વિધેયક કાયદો બનીને અમલમાં નહીં આવે. સરકાર જૂના ભાડા કાયદામાં જરૂરી સુધારા કરીને તેને યથાવત રાખવા પ્રયાસ કરશે.

### ભાડા વિવાદોની સત્તા ન્યાયતંત્ર પાસે જ રહેશે

વકીલોનો સૌથી મોટો વિરોધ એ જોગવાઈ સામે હતો કે મકાનમાલિક અને ભાડૂઆત વચ્ચેના વિવાદોના નિકાલની સત્તા સિવિલ કોર્ટ પાસેથી લઈ મામલતદાર અથવા અન્ય રેવન્યુ અધિકારીઓને આપવામાં આવે. સરકાર દ્વારા હવે ખાતરી આપવામાં આવી છે કે ભાડા સંબંધિત કેસોના નિકાલની સત્તા ન્યાયતંત્ર હસ્તક જ રહેશે.

# બલીઠા પાસે કોઈમ્બતુર એક્સ. ટ્રેન પર પથ્થરમારો

**કોચની** બારીનો કાચ તૂટ્યો, સદનસીબે કોઈને ઈજા નહીં

વાપીઃ વાપીના બલીઠાથી પસાર થઈ રહેલી કોઈમ્બતુર એક્સપ્રેસ ટ્રેન પર અજાણ્યાએ પથ્થરમારો કર્યો હતો. જેને લઈ ટ્રેનની એક કોચની બારીનો કાચ તૂટ્યો હતો.

મળતી વિગત અનુસાર, વાપી રેલવે સ્ટેશનથી નિયત સમયે ઉપડેલી કોઈમ્બતુર એક્સપ્રેસ ટ્રેન બલીઠાથી પસાર થઈ રહી હતી, તે સમયે અજાણ્યાએ પથ્થરમારો કર્યો હતો. જેને લઈ ટ્રેનની એક કોચની બારીનો કાચ તૂટ્યો હતો. સદ્નસીબે કોઈ મુસાફરને ઈજા પહોંચી ન હતી. આ બનાવને પગલે ટ્રેનમાં મુસાફરી કરનારાઓમાં ગભરાટ ફેલાયો હતો. આ બનાવની જાણ વાપી રેલવે પોલીસને થતાં તપાસ હાથ ધરી હતી. અત્રે નોંધનીય છેકે, અગાઉ પણ વંદે ભારત ટ્રેન ઉપર પથ્થરો ફેંકાયા હતાં.

આ ઘટના બાદ તંત્ર દ્વારા સઘન તપાસ હાથ ધરી પથ્થર મારનારની ઓળખ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. આવી ઘટના ફરી ન બને અને જો કોઈ ઈસમ આ રીતના કૃત્ય કરતાં જણાય તો વાપી રેલવે પોલીસ કે રેલવે વિભાગના કર્મચારીઓને જાણ કરવી.

# ઓલપાડનાં 4 ગામની 50 વીઘાં જમીન પાવરગ્રીડ માટે સંપાદિત કરવા હુકમ

**હુકમ** સામે મોરથાણ, વિહાર, કણભી અને કાછબના ખેડૂતોનો વિરોધ

સુરતઃ ઓલપાડ તાલુકાના મોરથાળ, વિહાર, કણબી અને કાછબ ગામની અંદાજિત ૫૦ વીઘા જેટલી ખેતીની જમીન પાવરગ્રીડ પ્રોજેક્ટ માટે સંપાદિત કરવાની કાર્યવાહી સામે ખેડૂતોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા જમીન સંપાદન અંગે હુકમ કરવામાં આવતા અસરગ્રસ્ત ખેડૂતોએ આ નિર્ણય સામે કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી દર્શાવી છે. પાવરગ્રીડ કંપનીના પ્રોજેક્ટ માટે ઓલપાડના ચાર ગામોની જમીન સંપાદિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ખેડૂતોના જણાવ્યા મુજબ, રૂબરૂ સુનાવણી દરમિયાન તેમણે કંપનીને જમીન સંપાદન માટે કયા કાયદાકીય અને દસ્તાવેજી આધાર છે, પ્રોજેક્ટની મંજૂરી સહિતના જરૂરી પુરાવા તથા અન્ય સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા માગણી કરી હતી. ખેડૂતોનો આક્ષેપ છે કે તેઓ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓ અને માગવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવાને બદલે સમગ્ર પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી હતી. ખેડૂતોના જણાવ્યા અનુસાર, ૧૯ ઓગસ્ટના રોજ જિલ્લા કલેક્ટરે ઠરાવ કરીને જમીન સંપાદન અંગે સીધો હુકમ કરી દીધો હતો. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની રજૂઆત સાંભળ્યા બાદ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરાયા વિના જ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે અસરગ્રસ્ત ખેડૂતોમાં નારાજગી ફેલાઈ છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, જમીન સંપાદનની પ્રક્રિયામાં તેમના વાંધાઓ અને રજૂઆતોને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી નથી તેમ ખેડૂતોનું કહેવું છે. તેથી કલેક્ટરના હુકમ સામે કાયદાકીય લડત આપવાનો નિર્ણય તેમણે વ્યક્ત કર્યો છે.

### હુકમ સામે કોર્ટમાં જવાની તૈયારી

મોરથાળ, વિહાર, કણબી અને કાછબ ગામના અસરગ્રસ્ત ખેડૂતોનું કહેવું છે કે કલેક્ટરના હુકમની કાયદાકીય રીતે તપાસ કરાવી આગામી દિવસોમાં કોર્ટમાં પડકારવામાં આવશે. ખેડૂતો દ્વારા પાવરગ્રીડ પ્રોજેક્ટ સંબંધિત દસ્તાવેજો, જમીન સંપાદનની જરૂરિયાત અને સમગ્ર પ્રક્રિયાની કાયદેસરતા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. હવે આ જમીન સંપાદન મામલે ખેડૂતોની કાયદાકીય લડત કઈ દિશામાં આગળ વધે છે તેના પર નજર રહેશે.

# દિવાળીની રજાઓને લીધે GST રિટર્નની તારીખ લંબાવવા માંગ

**11 નવેમ્બરે** GSTR-1ની નિયત તારીખ, તહેવારોના કારણે કરદાતાઓ અને GST પ્રોફેશનલ્સને મુશ્કેલી પડવાની શક્યતાઃ CAIT ગુજરાત

સુરતઃ દિવાળી અને ભાઈબીજ સહિતના તહેવારોના દિવસોમાં કચેરીઓ અને વેપારી સંસ્થાઓ બંધ રહેવાના સંજોગોને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર-2026ના GST રિટર્ન ભરવાની નિયત તારીખો લંબાવવા GST કાઉન્સિલ સમક્ષ અપીલ કરવામાં આવી છે.

CAIT ગુજરાતના ચેરમેન પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે, કેલેન્ડર મુજબ દિવાળી 8 નવેમ્બર-2026ના રોજ અને ભાઈબીજ 11 નવેમ્બર-2026ના રોજ છે. આ સમયગાળા દરમિયાન દેશભરમાં તહેવારોની ઉજવણીને કારણે વેપારીઓ, કર્મચારીઓ તેમજ GST અનુપાલન સાથે સંકળાયેલી વ્યાવસાયિક પેઢીઓમાં રજાનો માહોલ રહેશે. અન્ય રાજ્યોમાંથી ગુજરાત સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓ પણ તહેવારોમાં વતન જતા હોવાથી કામકાજ પર અસર થવાની શક્યતા છે.

તેમણે જણાવ્યું કે, 11 નવેમ્બર-2026 એ ઓક્ટોબર મહિનાના GSTR-1 ભરવાની કાયદેસરની નિયત તારીખ છે. સતત રજાઓના કારણે વેચાણના આંકડા એકત્ર કરવા, હિસાબોનું રિકન્સિલિએશન કરવા અને ભૂલ વિના રિટર્ન ફાઈલ કરવામાં કરદાતાઓ તથા GST પ્રોફેશનલ્સને મુશ્કેલી પડી શકે છે. આ અંગે 7 ઓક્ટોબર-2026ના રોજ યોજાનારી GST કાઉન્સિલની બેઠકમાં નિર્ણય લઈ ઓક્ટોબર-2026ના GSTR-1 તેમજ GSTR-3B બંનેની નિયત તારીખ લંબાવવાની માંગણી કરવામાં આવી છે.

# ઉત્તર ગુજરાતના વતનીઓ માટે બમરોલી, વડોદ, ભીમરાડથી બસ શરૂ

**ધારાસભ્ય** સંદીપ દેસાઈએ પ્રથમ તબક્કામાં મહેસાણા-ઊંઝા-પાટણની રાત્રિ બસ સેવાનો પ્રારંભ કરાવ્યો



સુરતઃ સુરત શહેરના બમરોલી, વડોદ, ભીમરાડ તેમજ આજુબાજુના સંલગ્ન વિસ્તારોની અસંખ્ય સોસાયટીઓમાં મહત્તમ ઉત્તર ગુજરાતના નાગરિકો વસવાટ કરે છે. જેઓની માંગણીને ધ્યાને લઈ ધારાસભ્ય સંદીપ દેસાઈએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મૂળ ઉત્તર ગુજરાતના જન પ્રતિનિધિઓ સાથે ઉત્તર ગુજરાતના (મહેસાણા, ઊંઝા, પાટણ, સિદ્ધપુર તેમજ વિસનગર) રૂટની રાત્રિ બસ સેવા બમરોલી-વડોદ-ભીમરાડ વિસ્તારથી શરૂ કરવા રજૂઆત કરી હતી. જેમાં પ્રથમ તબક્કામાં મહેસાણા-ઊંઝા-પાટણની રાત્રિ બસ સેવાનો મૂળ ઉત્તર ગુજરાતના અસંખ્ય સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં ઉમિયા માતાજી મંદિર, અમીઝરા રેસિડેન્સી, બમરોલી ખાતેથી લીલી ઝંડી બતાવી ધારાસભ્ય સંદીપ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. આ બસ સેવા ઉમિયા માતાજી મંદિર, બમરોલી-તિરૂપતિ સર્કલ, વડોદ-ભીમરાડ-ડી માર્ટ-પાંડેસરા-સોસિયો સર્કલ-જોગણી માતાજી મંદિર-ખરવરનગર-ઉધના દરવાજા-સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન વિસ્તારને આવરી લેશે.

આ કાર્યક્રમમાં સ્થાનિક બમરોલી, વડોદ, ભીમરાડ વિસ્તારની સોસાયટીઓના આગેવાનો, મૂળ ઉત્તર ગુજરાતના જન પ્રતિનિધિઓ, હોદ્દેદારો, આગેવાનો, મહિલા, બાળકો તમામ વર્ગના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### મહેસૂલી...

મુદતની હડતાળનું એલાન યથાવત રાખવામાં આવ્યું છે. જેના પગલે બુધવારથી સુરત સહિત સમગ્ર રાજ્યના મહેસૂલી કર્મચારીઓ હડતાળ પર ઉતરશે.

સુરત શહેર અને જિલ્લામાં હડતાળમાં ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદાર સહિત અંદાજે 500 જેટલા મહેસૂલી કર્મચારીઓ જોડાય તેવી સ્થિતિ છે. કર્મચારીઓની હડતાળને કારણે મહેસૂલી વિભાગ સાથે સંકળાયેલી દૈનિક વહીવટી કામગીરી પર સીધી અસર થવાની શક્યતા છે. મહેસૂલી કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી વિવિધ માંગણીઓને લઈને રજૂઆતો કરવામાં આવી રહી છે. કર્મચારીઓની અપેક્ષા હતી કે સરકાર તેમની સાથે બેઠક યોજીને પ્રશ્નો અંગે ચર્ચા કરશે અને ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. જોકે, આજે પણ સરકાર તરફથી કોઈ ચર્ચા કરવામાં આવી ન હોવાથી કર્મચારી મંડળમાં નારાજગી જોવા મળી રહી છે. સરકાર તરફથી બુધવારે કર્મચારીઓને ચર્ચા માટે બોલાવવામાં આવે તેવી આશા હજુ પણ કર્મચારીઓમાં છે. જો સરકાર ચર્ચા માટે બોલાવે અને માંગણીઓ અંગે સકારાત્મક અભિગમ અપનાવે તો હડતાળ અંગે પુનર્વિચારની શક્યતા ઊભી થઈ શકે છે. મહેસૂલી કર્મચારી મંડળનું વલણ સ્પષ્ટ છે કે સરકાર તરફથી માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો હડતાળ ચાલુ રાખવામાં આવશે.

### આજનો 'સેવા...

હાલાકી ભોગવવી પડી શકે છે. સિટીલિંક તંત્ર દ્વારા જાહેર જનતાને આ સમયગાળા દરમિયાન પોતાના પ્રવાસનું આયોજન અગાઉથી કરી લેવા વિનંતી કરવામાં આવી છે તથા મુસાફરોને પડનારી અગવડ બદલ દિલગીરી પણ વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આ યાત્રામાં 40 થી 50 હજારથી વધુ લોકો એકઠા થવાની સંભાવના છે, જેના કારણે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારે દબાણ રહેવાની અને રૂટ ડાયવર્ઝન કરવાની ફરજ પડશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ તંત્ર દ્વારા બસ વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરીજનોને વહેલી સવારે અથવા બપોર પછી મુસાફરી કરવા તથા ટ્રાફિક જામથી બચવા વૈકલ્પિક રૂટ પસંદ કરવા સુચના આપવામાં આવી છે.

### 'ડાયમંડ કટ'ના...

કોચ ફેક્ટરીથી મેટ્રો ટ્રેનનો બીજો સેટ પણ સુરતના ખજોદ સ્થિત ડ્રીમ સિટી ડેપો ખાતે સફળતાપૂર્વક પહોંચી ગયો છે. સુરત મેટ્રો પ્રોજેક્ટ માટે કુલ ૭૨ ટ્રેન સેટનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જેમાં પ્રત્યેક ટ્રેનમાં ત્રણ કોચ રહેશે. ડ્રીમસિટીના ડેપોમાં ટ્રેન સેટની તમામ પ્રકારની તપાસ બાદ આગામી બે મહિનામાં બંને લાઈન પર એક સાથે ટ્રાયલ સર્વિસ શરૂ થવાની સંભાવના છે.

### વીજળીના થાંભલા વિના જ પાટાના લેવલથી પાવર સપ્લાય અપાશે

તકનીકી દ્રષ્ટિએ આ મેટ્રોમાં વીજળીના થાંભલા વગર પાટાના લેવલથી જ 750V DC થર્ડ રેલ સિસ્ટમ દ્વારા પાવર સપ્લાય અપાશે, જેથી ભારે પવન કે વાવાઝોડા જેવી કટોકટીમાં પણ મેટ્રો અવિરત દોડતી રહેશે.

### મેટ્રો પ્રોજેક્ટમાં ૭૦૦ વર્ષ જૂના ચોરઆમલાના ઝાડને એલાઈનમેન્ટ બદલી બચાવી લેવાયો

આ પ્રોજેક્ટમાં વિકાસની સાથે પર્યાવરણ અને પરંપરાનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. અડાજણ ગામમાં આવેલા ૭૦૦ વર્ષથી પણ વધુ જૂના પ્રાચીન 'ચોર આમલી' વૃક્ષને બચાવવા માટે મેટ્રોનું આખું અલાઈનમેન્ટ બદલી નાખવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડ્રીમ સિટી ડેપોમાં 3 હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું છે અને ૬ અંડરગ્રાઉન્ડ સ્ટેશનોને 'ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ' (IGBC)ના ગ્રીન ધોરણો મુજબ ડિઝાઇન કરવામાં આવ્યા છે.

### મજૂરાગેટ સ્ટેશન મેટ્રો ઈન્ટરચેન્જ હબ બનશે

મજુરાગેટ સ્ટેશન કોરિડોર-૧ અને કોરિડોર-૨ને જોડતું શહેરનું પ્રથમ મેટ્રો ઇન્ટરચેન્જ હબ બનશે. સારોલી અને રઘુકૂલ ટેક્સટાઇલ માર્કેટ પાસે ૮૫ મીટરના મહાકાય ઓપન વેબ ગર્ડર લોન્ચ કરીને એન્જિનિયરિંગનો નવો ઇતિહાસ રચાયો છે. આધુનિકતા, ટેક્નોલોજી અને પર્યાવરણના સમન્વય સાથે સુરતનો આ મેટ્રો પ્રોજેક્ટ દેશભરમાં એક અનન્ય રોલ મોડેલ બની રહ્યો છે.

### સિટીલાઈટમાં...

મચી ગઈ છે. પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગત તા. ૦૫/૧૦/૨૦૨૬ ના રોજ ૨૫ વર્ષીય સગર્ભા મહિલા સિટીલાઈટના કલ્પ બિઝનેસ સેન્ટરમાં આવેલા એમેથીઝ વેલનેસ સેન્ટરમાં થેરાપી માટે ગયા હતા. લાઈટ ન હોવાથી અંધારા રૂમમાં મીણબત્તીના અજવાળે થેરાપી ચાલુ હતી ત્યારે ગૌરવ પગારે નામનો પુરુષ ગેરકાયદે રૂમમાં ઘૂસી જઈ મહિલાને જોઈ રહ્યો હોવાનો આક્ષેપ કરી મહિલાએ પોતાની પ્રાઈવસીનો ભંગ થયાની ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, વેલનેસ સેન્ટરની રીસેપ્શનિસ્ટ-કમ-મેનેજર દીપા સાહુએ વળતી ફરિયાદ નોંધાવી હતી કે સગર્ભા મહિલાના આક્ષેપો પાયાવિહોણા છે અને સેન્ટરમાં માત્ર મહિલા સ્ટાફ જ કામ કરે છે. મહિલાના પતિએ સેન્ટર પર આવી રિસેપ્શન કાઉન્ટર પાસે પડેલો માર્બલનો પથ્થર, કાચની બોટલ અને લાકડાનું બોક્સ કર્મચારીઓ તરફ ફેંકી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો તથા કચેરીમાં બૂમાબૂમ કરી તોડફોડ મચાવી હતી. આ બનાવ અંગે બંને પક્ષે પોલીસ કંટ્રોલ રૂમ ૧૧૨ પર ફોન કરતા ઉમરા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તથા સાક્ષીઓની પૂછપરછ સાથે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સુરત-ઉદયપુર...

મામલે ચાલી રહેલી અસમંજસ અને વિવાદના કારણે ટાઈમટેબલ અને રેક ફાળવણીનું કામ હાલ અટકી ગયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પશ્ચિમ રેલવે સુરત-પુણે વંદે ભારત ટ્રેનને એકદમ સીધા અને ઝડપી રૂટ પર દોડાવવા માંગે છે, જેથી મુસાફરો ઓછા સમયમાં પુણે પહોંચી શકે. આ સીધો રૂટ વાયા વસઈ-કલ્યાણ થઈને પસાર થાય છે, જે સમય અને અંતર બંનેની દૃષ્ટિએ ખૂબ જ ફાયદાકારક છે. સીધા રૂટ પર સુરતથી પુણે ટ્રેનનું કુલ અંતર આશરે 405 કિમી જેટલું જ થાય છે. હાલની સૌથી ફાસ્ટ ડાયરેક્ટ ટ્રેનને પણ આ અંતર કાપવામાં સરેરાશ 7.5 કલાક જેટલો સમય લાગે છે. જો આ જ રૂટ પર વંદે ભારત દોડે, તો તેની 75થી 80 કિમીની સરેરાશ ઝડપ અને ઓછા સ્ટોપેજને કારણે મુસાફરીનો સમય ઘટીને માત્ર 5.5થી 6 કલાક જ થઈ જશે. તાજેતરમાં 2 ઓક્ટોબરથી શરૂ થયેલી સુરત-ઉદયપુર વંદે ભારત (26903/26904) ટ્રેન માત્ર 7.5 કલાકમાં 530 કિમીનું અંતર કાપે છે અને અઠવાડિયામાં 6 દિવસ દોડે છે. તેની જબરદસ્ત સફળતા બાદ સુરતનો મહારાષ્ટ્રીયન સમાજ, ટેક્સટાઈલ વેપારીઓ અને વિદ્યાર્થીઓ સુરત-પુણે વંદે ભારત શરૂ થવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે જો રેલવે પ્રશાસન અને સ્થાનિક નેતાઓ વચ્ચે રૂટનો આ વિવાદ ઝડપથી ઉકેલાઈ જાય, તો આગામી મહિનાઓમાં સુરતવાસીઓને પુણે માટે નવી વંદે ભારતની ભેટ મળી શકે છે.

### જલગાંવના...

વાયા જલગાંવ-મનમાડ રૂટ લગભગ 650 કિમી લાંબો થાય છે, જેના કારણે આ રૂટ પર મુસાફરી કરવામાં 9થી 10 કલાક જેટલો લાંબો સમય લાગી શકે છે. આ બે અલગ-અલગ માંગણીઓના લીધે જ રેલવે બોર્ડમાં ટાઈમટેબલ અને રેક ફાળવણીની પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે.

### GSOSની નવે.-ડિસે. પરીક્ષાનું રજિસ્ટ્રેશન 15 ઓક્ટોબર સુધી લંબાવાયું

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા GSOS મારફતે ધોરણ-10 તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહની નવેમ્બર-ડિસેમ્બર 2026માં યોજાનારી ખાસ પરીક્ષાના ઓનલાઈન રજીસ્ટ્રેશનની મુદત લંબાવવામાં આવી છે. GSOS મારફતે ધોરણ-10 તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષાની મુદ્દત હવે વિદ્યાર્થીઓના હિતમાં વધારીને 15 ઓક્ટોબર 2026ની રાત્રે 12 વાગ્યા સુધી કરવામાં આવી છે. GSOS હેઠળ પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિ શિક્ષણ બોર્ડની વેબસાઈટ gseb.org પર નોંધાયેલી શાળાઓ મારફતે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજિયાત ઓનલાઈન ભરવાના રહેશે. ઉલ્લેખનીય છે કે આ મુદત લંબાવવાને કારણે બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ પણ તેમાં રજિસ્ટ્રેશન કરાવવાનો લાભ લઈ શકેશે.

### પતિની હત્યા અને સંતાન-સાસુને ઝેરી પદાર્થ ખવડાવી લૂંટમાં પત્ની- પ્રેમીનો છૂટકારો

સુરતઃ પલસાણા શિવાલીક બંગ્લોઝમા રહેતાં સ્વેતાબેન રાકેશ નાયક અને તેના પ્રેમી વિપુલ ઉર્ફે લાલુ મહેશ કહારે કારસો રચી તા. ૦૯/૧૧/૨૦૨૩ના રોજ પતિ રાકેશ ઈશ્વર નાયક, પોતાના ત્રણ સંતાન તથા સાસુને ઊંઘની ત્રણ-ત્રણ ગોળીઓ ખીરમાં તેમજ કોકાકોલાની કોલ્ડ ડ્રીંકમાં બાટલીમાં મેળવી બેભાન કરી તેના પ્રેમી વિપુલે કલોરોફોર્મવાળા રૂમાલથી તમામનું મોઢું દબાવી હત્યા કરી લૂંટ કરવાન કેસમાં પલસાણા પોલીસે સ્વેતાબેન નાયક અને તેના પ્રેમી વિપુલ કહારની ધરપકડ કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે બચાવ પક્ષનાં એડવોકેટ કિરીટ સી. પાનવાલા તથા સી. બી. દેસાઈની રજૂઆત અને દલીલો ગ્રાહય રાખી કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.